# પાલનપુરની ગેસ એજન્સીમાં તસ્કરો ત્રાટકયા : ૪૯૩ ગેસના બાટલા ઉઠાવી ગયા

પાલનપુરમાં તરખાટ મચાવતા તસ્કરો ગતરાત્રે અમરદીપ ગેસ એજન્સીના ગોડાઉનમાં ત્રાટકયા હતા. જેઓએ દરવાજાનો નકુચો તોડી ગોડાઉનમાં પડેલા ૪૯૩ ગેસની બોટલોની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જેની જાણ થતા પોલીસ સ્ટાફએ ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી હતી.



પાલનપુરની નવી આરટીઓ ઓફીસની બાજુમાં આવેલા અમરદીપ ગેસ ગોડાઉનમાં તસ્કરો ત્રાટક્યા હતા. જેઓએ ગોડાઉનના દરવાજાના તાળાનો નકુચો તોડી અંદર પડેલ ૪૯૩ ગેસની બોટલો ઉઠાવી ગયા હતા. જેની જાણ ગોડાઉનના સંચાલક પ્રવિણભાઈ પરમારને થતા પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. આ અંગે ગોડાઉના સંચાલકે પૂર્વ પોલીસ મથકે ફરીયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે.

# પ્રાંતિજમાં છેલ્લા કેટલાય દિવસથી પાણી ન મળતા નગરજનોની પરેશાનીઓમાં વધારો

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકા દ્વારા પ્રાથમિક સુવિધા એવી પાણીની સુવિધા છેલ્લા દસ દિવસથી પુરી ના પાડતા અને નગરજનોને પાણી ના મળતા નગરના લોકોની પરેશાનીઓમાં વધારો થયો છે. તો નગરજનો પાણી માટે વલખાં મારે છે.

પ્રાંતિજના એપ્રોચરોડ બજાર વિસ્તાર લાલ દરવાજા સહિતના વિસ્તારોમાં છેલ્લા કેટલાય દિવસોથી પ્રાંતિજ પાલિકા દ્વારા આપવામાં આવતું પાણી ના મળતાં નગરજનોમાં પ્રાંતિજ પાલિકા સામે રોષ જોવા મલ્યો છે. નગરજનોની રજુઆતો છતાં પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં છતાં પાણીએ પાણી ના મળતાં નગરજનોની સંયમ સંમતા ખુટી પડી છે. પાલિકામા પાણીને લઈને અનેકવાર રજુઆતો કરવા છતાં કોઈજ કાર્યવાહી ના થતાં નગરજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. જે તે વિભાગના કોર્પોરેટરોને પણ રજુઆત કરવા છતા દસ-દસ દિવસ સુધી હજુ નગરજનોની પ્રાથમિક સુવિધા પાણીનો પ્રશ્ન આજદિન સુધી હલ થયો નથી. તો પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં રહીશો પાણી માટે વલખાં મારે છે ત્યારે વિવિધ વિસ્તારના લોકો દ્વારા રજુઆતો કરવામાં આવી છતાં ઝાડી ખાલના કોર્પોરેટરો દ્વારા પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ કરવામાં આવ્યો નથી અને આયોજન વગર છતાં પાણીએ હાલ તો રહીશો પાણી માટે ધરમના ધક્કા ખાતા પાલિકામાં નજરે પડે છે.

# ધનસુરાના ઉમિયાનગર સોસાયટીમાં આવેલા સ્વાગત ફ્લેટના ત્રીજા માળેથી બાળક પટકાયો

## ''રામ રાખે તેને કોણ ચાખે'' બાળક નીચે પટકાતા સાયકલ સુરક્ષા કવચ બની

અરવલ્લી જીલ્લાના ધનસુરા ગામમાં ફ્લેટના ત્રીજા માળેથી ફ્લેટની સીડીની જગ્યામાંથી ૨ વર્ષીય બાળક અગમ્ય કારણોસર પટકાતા ભારે અફડાતફડી મચી હતી. સદનસીબે સીડી પરથી પટકાયેલ બાળક બેઝમેન્ટમાં પાર્કિંગમાં રહેલી સાયકલ પર પટકાતા શરીરે સામાન્ય ઈજાઓ પહોંચતા પરિવારજનોએ હાશકારો અનુભવ્યો હતો. બાળકને સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો. ત્રીજા માળેથી પટકાયેલ બાળકની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. બેઝમેન્ટમાં પાર્ક કરેલી સાયકલ બાળક માટે તારણહાર બની હતી. આજુબાજુથી દોડી આવેલા લોકોના મોઢામાંથી ફ્લેટની ત્રીજા માળથી ભોંયતળિયાનું અંતર જોઈ ''રામ રાખે તેને કોણ ચાખે''ના શબ્દો સરી પડ્યા હતા.




ધનસુરાના ઉમિયાનગર સોસાયટીમાં આવેલા સ્વાગત ફ્લેટમાં ત્રીજા માળે રહેતા પટેલ પરિવારનો બે વર્ષીય પુત્ર ફ્લેટની સીડીની રેલિંગની જગ્યામાંથી ભોંયતળિયે પટકાતા માથાના ભાગે સામાન્ય ઈજા સાથે આબાદ બચાવ થયો હતો. સ્વાગત ફ્લેટના ત્રીજા માળે રહેતા પટેલ પરિવારનો ૨ વર્ષીય નમ્ર નામનો બાળક ફ્લેટની ગેલેરીમાં દરરોજની જેમ રમતા રમતા ફ્લેટની સીડીની રેલિંગની જગ્યામાંથી નીચે પટકાતા બેઝમેન્ટમાં રહેલી સાયકલ પર પટકાઈ ભોંયતળિયે અથડાતા ભારે અફડાતફડી મચી હતી. બાળકના પરિવારજનો અને ફ્લેટના રહીશો દોડી આવી બાળકને સારવાર અર્થે તાબડતોડ દવાખાને ખસેડાયું હતું. ત્રીજા માળેથી બાળક પટકાવાની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. બાળકનો અદભુત બચાવ થતા પરિવારજનો અને સોસાયટીના રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો.




# હિંમતનગરમાં શાકભાજી લેવા નીકળેલા શખ્સને બાઈકે ટક્કર મારતા મોત

હિંમતનગર, તા. ૧૪

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ બેરણા રોડ પરથી પાંચ દિવસ અગાઉ ઘરેથી ચાલતા શાકભાજી લેવા નીકળેલા એક ગૃહસ્થને અજાણ્યા બાઈકચાલકે પાછળથી ટક્કર મારી ગંભીર ઈજા પહોંચાડતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. જેથી મૃતકના પુત્રએ અજાણ્યા બાઈકસવાર વિરૂદ્ધ બુધવારે હિંમતનગર એ.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે હિંમતનગરના મયુરવિલા રેસીડેન્સીમાં રહેતા મિરેનકુમાર પ્રદિપકુમાર રાવલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૯ સપ્ટેમ્બરના રોજ તેમના પિતા પ્રદિપકુમાર વલ્લભભાઈ રાવલ ઘરેથી શાકભાજી લેવા માટે ચાલતા ગયા હતા. ત્યારે બેરણા રોડ પર આવેલ રિલાયન્સ મોલની સામેથી જઈ રહ્યા હતા ત્યારે પાછળથી આવેલા એક અજાણ્યા બાઈક સવારે પ્રદિપકુમારને જોરદાર ટક્કર મારતા તેઓને ગંભીર ઈજા થઈ હતી. ત્યારબાદ તેમણે સારવાર માટે અમદાવાદ લઈ જવાયા હતા. જ્યાં તેમનું ગંભીર ઈજાને કારણે મોત નીપજ્યું હતુ. જેથી મિરેનકુમારે બુધવો અજાણ્યા શખ્સ વિરૂદ્ધ હિંમતનગર એ.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# અમીરગઢમાં વન વિભાગની કાર્યવાહી સામે આંદોલનની ચિમકી

## પાલનપુરમાં જિજ્ઞેશ મેવાણીએ ઉપવાસી છાવણીની મુલાકાત લીધી

અમીરગઢપંથકમાં વન વિભાગ દ્વારા આદિવાસી લોકોની છેડવાની ચિમકી ઉચ્ચારી હતી.

અમીરગઢપંથકમાં વન મુલાકાત લીધી હતી. તેમણે મિડીયા સાથેની વાતચિતમાં જણાવ્યું હતુ



જમીન ઉપર બુલ ડોઝર ફેરવી દબાણો દૂર કરવામાં આવ્યા છે. જોકે, આ કાર્યવાહી ગેરકાયદે હોવાના આક્ષેપો સાથે આદિવાસી સમાજના લોકો પાલનપુર ખાતે ઉપવાસ આંદોલન છેડ્યું છે. જ્યાં દલિત નેતા અને વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ મુલાકાત લઈ વન વિભાગની ગેરકાયદે કામગીરી મુદ્દે આંદોલન વિભાગ દ્વારા આદિવાસી લોકોના ખેતરોમાં બુલ ડોઝર ફેરવી ઉભા પાકને નુકશાન પહોચાડવામાં આવ્યું હતુ. જે ગેરકાયદે હોવાના આક્ષેપો કરી આદિવાસી લોકો પાલનપુર ખાતે કલેકટર કચેરીમાં ઉપવાસ ઉપર બેઠા છે. જ્યાં બુધવારે દલિત નેતા અને વડગામ ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ બુધવારે ઉપવાસી છાવણીની કે, જંગલ જમીનના હક મુજબ આ લોકો પાસે જમીનના દસ્તાવેજ છે. મકાનોની સનદો છે. છતાં પણ કાયદાથી ઉપરવટ જઈ વન વિભાગે દબાણો દૂર કર્યા છે. જેની વિરોધમાં આગામી સમયમાં દાંતા-અમીરગઢના આદિવાસી સમાજના લોકોને મોટી સંખ્યામાં એકત્ર કરી આંદોલન કરી તંત્રને ભીંસમાં લેવામાં આવશે.

# મેઘરજના ખાખરીયા ગામે ફાઈનાન્સના કર્મચારીને બાઈક પર આવેલા બે લૂંટારૂ લૂંટી ફરાર

મેઘરજ, તા. ૧૪

અરવલ્લી જીલ્લામાં ચોર લૂંટારુ ગેંગ અને ચેઈન સ્નેચરો સક્રિય થતા જીલ્લાના પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો હતો. જીલ્લામાં એકલ દોકલ રૂપિયા લઈને પસાર થતા લોકોની રેકી કરી રોકડ રકમની લૂંટ ચલાવતા લૂંટારુઓ પોલીસતંત્રને પડકાર ફેંકાતા હોય તેમ સમયઅંતરે જીલ્લામાં લૂંટની ઘટનાને અંજામ આપી ફરાર થઈ જતા પોલીસતંત્રની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે. મેઘરજ તાલુકાના ખાખરીયા (જીતપુર) ગામની સીમમાંથી બાઈક પર પસાર થતા ફાયનાન્સના કર્મચારીને આંતરી બાઈક પર ધસી આવેલા બે લૂંટારુઓ ૭૦ હજાર રોકડા સહીત ૮૦ હજારના મુદ્દામાલની લૂંટ ચલાવી રફુચક્કર થતા લૂંટની ઘટનાથી ગભરાયેલ કર્મચારી ઈસરી પોલીસ સ્ટેશને પહોંચી ફરિયાદ નોંધાવતા ઈસરી પોલીસે બંને લૂંટારુઓની ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસાના માલપુર રોડ પર ખાનગી માઈક્રો ફાયનાન્સ કંપનીમાં ફરજ બજાવતા વિજયકુમાર ડાહ્યાભાઈ ચૌહાણ (રહે. શ્યામનગર સો. મોડાસા) બુધવારે ફાયનાન્સના કામકાજ અર્થે બાઈક લઈને મેઘરજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ગયા હતા. ખોખરીયા (જીતપુર) ગામની સીમમાં સ્મશાન નજીકથી પસાર થતા હતા ત્યારે બપોરના સુમારે બે લૂંટારુઓ બાઈક પર ધસી આવી ફાયનાન્સના કર્મચારીને આંતરી બાઈકના થેલામાં રહેલા રોકડ રકમ ૭૨૩૮૦ રૂપિયા, સેમસંગ કંપનીનું ટેબ્લેટ કીં. રૂ. ૫૦૦૦ તથા પ્રિન્ટર-૧ કીં. રૂ.૩૦૦૦ તથા ગ્રાહકોના ડોક્યુમેન્ટ અને કંપનીની ડાયરીની લૂંટ ચલાવી કુલ રૂ. ૮૦૩૮૦ની લૂંટ ચલાવી ફરાર થઈ જતા વિજય ચૌહાણે મેઘરજ તાલુકાના ઈસરી પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા ઈસરી પોલીસે ૨ અજાણ્યા ૨૫ થી ૩૦ વર્ષના ઈસમો સામે ફરિયાદ નોંધી ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

# મોડાસા શહેરમાં રખડતા પશુઓ હટાવવા જિલ્લા અધિક્ષક કલેક્ટરને આવેદનપત્ર

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના રાજમાર્ગો પર રખડતા ઢોરનો એટલો અનહદ ત્રાસ વધી ગયો છે કે, વાહન ચાલકોએ રોડ પરથી પસાર થતા સતત ધ્યાન રાખી પસાર થવું પડતું હોવાથી અને સતત અકસ્માતનો ભય મંડરાઈ રહેતા વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વાહનચાલકોને રખડતા પશુઓને લીધે પડતી હાલાકીના પગલે અરવલ્લી જીલ્લા એન્ટી કરપ્શન બોર્ડના હોદેદારો અને સભ્યો દ્વારા જીલ્લા અધિક્ષક કલેકટરને આવેદનપત્ર આપી શહેરના માર્ગો પર રખડતા પશુઓને પાંજરે પુરવાની માંગ સાથે યોગ્ય કાર્યવાહીની માંગ કરી હતી.



અરવલ્લી જિલ્લા એન્ટિ કરપ્શન બોર્ડ દ્વારા જીલ્લા અધિક્ષક કલેકટરને આવેદનપત્ર આપી શહેરના મુખ્યમાર્ગો અને રહેણાંક વિસ્તારોમાં રખડતા પશુઓના પગલે વાહનચાલકો અકસ્માતનો ભોગ બનતા હોવાની સાથે ગંદકી પણ ફેલાતી હોવાથી રખડતા પશુઓ પાંજરે પુરવા અને યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

### અરવલ્લી જિલ્લામાં વન વિભાગના રોજમદારોને

# ૩૦ દિવસ કામ કરાવી ૧૮ દિવસના પગાર ચૂકવણાની બુમ

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જીલ્લામાં વનવિભાગ તંત્રમાં રોજમદાર તરીકે ફરજ બજાવતા રોજમદારો પાસે દિવસ-રાત જંગલ ખાતા તરફથી કામ કરાવવામાં આવે છે. જીલ્લામાં જંગલની જાણવણી કરવામાં રોજમદારો મહત્વની ભૂમિકા નિભાવે છે. વનવિભાગ તંત્ર દ્વારા રોજમદારોની મજબુરીનો ફાયદો ઉઠાવતું હોય તેમ ૩૦ દિવસ કામગીરી કરાવવામાં આવતી હોવાની સાથે ફક્ત ૧૮ દિવસનો જ પગાર ચુકવવામાં આવતો હોવાથી રોજમદારોમાં ઉગ્ર રોષ ફેલાયો છે. રોજમદારોએ જીલ્લાના વનવિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઓફિસમાં બેસી રહેતા હોવાનો અને આદેશ જ કરતા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો. વનવિભાગ તંત્ર લેબર કોર્ટના નિર્ણયને પણ ઘોળીને પી ગયા હોવાનું જણાવ્યું હતું.



### મોડાસા એડિશનલ સેશન્સ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

# આઠ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરી હત્યા કરનારને ફાંસીની સજા

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જીલ્લાની રચના બાદ જીલ્લામાં પ્રથમવાર બળાત્કાર કેસમાં ફાંસીની સજા ફટકારાઈ હતી મોડાસા એડિશનલ સેશન્સ કોર્ટનો આ ઐતિહાસિક ચુકાદો આપવામાં આવ્યો હતો મોડાસા તાલુકાના લીંભોઈ ગામે ૨૦૧૪ માં ૮ વર્ષીય બાળાને ચોકલેટ આપવાના બહાને દિનેશ વસાવા નામના નરાધમે ઉઠાવી જઈ દુષ્કર્મ આચરી પાપ છુપાવવા બાળકીની નિર્મમ હત્યા કરી કુવામાં નાખી દીધી હતી. બાળકી ગુમ થવાની ઘટનાથી પરિવારજનો અને ગામલોકોએ બાળકીને શોધખોળ હાથ ધરાતા દુષ્કર્મનો આરોપી પણ બાળકીની શોધમાં જોડાયો હતો અને પોલીસની આંખોમાં ધૂળ નાખવાનો પ્રયત્ન છતાં પોલીસે ગુન્હો ઉકેલી નાખી દિનેશ વસાવાને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. મોડાસા એડિશનલ સેશન્સ કોર્ટમાં કેશ ચાલી જતા ૪ વર્ષ પછી કોર્ટે આરોપીને ફાંસીની સજા ફટાકરી હતી. સમગ્ર જીલ્લામાં કોર્ટે આપેલ ચુકાદાની સરાહના કરી હતી. બાળકીના પરિવારજનોએ બળાત્કારી આરોપીને ફાંસીની સજા થતા સંતોષ વ્યક્ત કર્યો હતો.

મોડાસાના લીંભોઈ ગામે ૩૧-૧૦-૨૦૧૪ના રોજ ગામમાં મજૂરી અર્થે રહેતા સંબંધીના ત્યાં રહી ખેત મજૂરી કરતા દિનેશ મણિલાલ વસાવા નામના નરાધમે ફળિયામાં રમતી બાળકી પર નજર બગાડતા અને મગજમાં વાસનાનો કીડો સળવળતા ૮ વર્ષીય બાળકીને ચોકલેટની લાલચ આપી બાળકીને નજીકના ખેતરમાં લઈ જઈ દુષ્કર્મ આચરી તેનું પાપ છુપાવવા માસુમ બાળકીને ગળું દબાવી મોતને ઘાટ ઉતારી ગામમાં પરત ફર્યો હતો. ૮ વર્ષીય બાળકી સાંજ સુધી ઘરે પરત ન ફરતા પરિવારજનો અને ગામલોકોએ શોધખોળ હાથ ધરાતા નરાધમ દિનેશ વસાવા પણ શોધખોળમાં જોતરાયો હતો પરંતુ બીજા દિવસે બાળકીના આરોપી દિનેશ વસાવાને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. ૪ વર્ષ પછી બુધવારે સાંજના મોડાસા સેશન્સ કોર્ટે પોસ્કો અને દુષ્કર્મના આરોપીને ફાંસીની સજા ફટકારી ફટકારી હતી. મહત્વનું છે કે અરવલ્લી જિલ્લાની રચના બાદ જિલ્લામાં પ્રથમ બળાત્કાર કેસમાં પ્રથમ વખત ફાંસીની સજા ફટકારાઈ છે. મોડાસા એડિશનલ સેશન્સ કોર્ટે આ ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો.



# રિમાન્ડ માટે પાલનપુર સબ જેલમાંથી સંજીવ ભટ્ટનો કબ્જો મેળવતી સી.આઈ.ડી.ક્રાઈમ

## ૧૦ દિવસના રિમાન્ડ મળતા પૂર્વ એસ.પી સહિત પૂર્વ પી.આઈ.નો કબ્જો લેવાયો

બનાસકાંઠાના તત્કાલિન એસ.પી. સંજીવ ભટ્ટ ના બોગસ NDPS કેસમાં ૧૦ દિવસના રિમાન્ડ મંજુર થતા સી.આઈ.ડી.ક્રાઈમે તેમનો પાલનપુર સબજેલમાંથી કબ્જો મેળવ્યો હતો.



બોગસ NDPS કેસમાં CID ક્રાઈમ દ્વારા પૂર્વ IPS સંજીવ ભટ્ટની ધરપકડ કરાઈ હતી. જેઓનો રિમાન્ડ પાલનપુર કોર્ટે ના-મંજુર કર્યા હતા. જેને પગલે હાઈકોર્ટેમાં રિમાન્ડ માટે અપીલ કરાઈ હતી. જેમાં હાઈકોર્ટે પૂર્વ IPS સંજીવ ભટ્ટ અને PI ઈન્દ્રવદન વ્યાસ ના ૧૦ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. ત્યારે પાલનપુર જિલ્લા જેલમાંથી CID ક્રાઈમએ બન્ને આરોપીઓનો કબ્જો મેળવ્યો હતો. CID ક્રાઈમ ની ટીમ બન્ને આરોપીઓને રિમાન્ડ અર્થે પાલનપુર થી ગાંધીનગર ખાતે લઈ જવા રવાના થઈ હતી.

# ધાનેરા પોલીસે ધરણોધર ચાર રસ્તા પાસેથી દારૂ જપ્ત કર્યો

બનાસકાંઠા જિલ્લા પોલીસ પ્રદિપ સેજુલ સાહેબ ની સુચના તથા એ.એચ.ચૌધરી નાયબ થરાદ તથા આર કે પાઠક પી.આઈ ધાનેરા નાં માર્ગદર્શન મુજબ દારૂ નાં કેશો શોધી કાઢવા માટે કડક સુચના કરેલ હોઈ જે આધારે આજ રોજ એને.સી.ચૌહાણ તથા ભેમજીભાઈ ધનરાજભાઈ તથા શ્રવણસિંહ માસેગજી વગેરે પો.સ્ટાફ ના માણસો સાથે ધરણોધર ચાર રસ્તા પાસેથી બાતમી ના આધારે નાકાબંધી કરી બજાજ એવેન્જર મોટર સાયકલ નં જીજે-૦૮-મ્ઈ-૪૯૫૬ ઉપર રાખેલ થેલા માંથી ભારતીય બનાવટી વીદેશી દારૂ ની બોટલ નંગ-૨૭ કિ.રૂ.૧૩,૫૦૦ તથા બજાજ એવેન્જર મોટર સાયકલ નં જીજે-૦૮-મ્ઈ-૪૯૫૬ કિ.રૂ.૮૦,૦૦૦ તથા મોબાઈલ નં-૨ કિ.રૂ.૨૫૦૦ મળી કુલ મળી મુદ્દામાલ ૯૬,૦૦૦ નો કબજે કરેલ છે તથા મોટર સાયકલ ચાલક મુકેશભાઈ ઉર્ફે મુનો ભરતભાઈ ઓડ રહે.પાલનપુર હરીપુરા માનસરોવર રોડ તથા પાછળ બેઠેલ રાહુલભાઈ ગોંવિદભાઈ ઠાકોર (મહેચા) રહે. પાલનપુર વાળા ને પકડી તેમના વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# ઈડરમાં જાગણીરથનું સ્વાગત કરાશે

પ્રાણનાથજીની ચતુર્થ શતાબ્દી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે તા. ૨૭ સપ્ટેમ્બરના રોજ ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજના સાબરકાંઠા એકમ તથા જિલ્લાના સુંદરસાથના સહયોગથી ઈડરની દસ ગામ પંડ્યા સમાજવાડી ખાતે આવનાર જોગણીરથનું ભવ્ય સ્વાગત કરવાનું નક્કી કરાયું છે. મોહનપ્રિયાચાર્યાજી, સ્વામી શ્યામાનંદજી, પુરષોત્તમ શાસ્ત્રીજી સહીત અન્ય ધર્મગુરૂઓ ઉપસ્થિત રહેશે.

# ધાનેરા તાલુકાના સામરવાડા પાસેથી પોલીસે ૧.૫ લાખથી વધુનો દારૂ જપ્ત કર્યો

બનાસકાંઠા જિલ્લા પોલીસ પ્રદિપ સેજુલની સુચના તથા એ.એચ. ચૌધરી નાયબ થરાદ તથા આર. કે. પાઠક પીઆઈ. ધાનેરાના માર્ગદર્શન મુજબ દારૂના કેસો શોધી કાઢવા માટે કડક સુચના કરેલ હોઈ જે આધારે આજરોજ એન.સી. ચૌહાણ તથા ભેમજીભાઈ ધનરાજભાઈ તથા જબ્બરસિંહ, ધનરાજભાઈ ગણેશભાઈ વગેરે પો. સ્ટાફના માણસો સાથે સામરવાડા ગામ પાસેથી બાતમીના આધારે નાકાબંધી કરી ટોયોટા કોરોલા ગાડી નં. જીજે.૦૧. એચએલ.૮૧૮૧માંથી ભારતીય બનાવટી વીદેશી દારૂની પેટી નં. ૧૪ કુલ બોટલ ૧૬૮, કિં. રૂ. ૬૭,૨૦૦ તથા ટોયોટા કોરોલા ગાડી નં. ૮૧૮૧, રૂ. ૧,૦૦,૦૦૦ મળી કુલ મુદ્દામાલ ૧,૬૭, ૨૦૦નો કબજે કરેલ છે. ગાડી ચાલક અર્જુનસિંહ પદમસિંહ રાઠોડ રહે. વિશનસિંહની ઢાળી, રાણીવાવ તા. જી. બાડમેર, રાજસ્થાન તથા બાજુમાં બેઠેલ તેજસિંહ આયદાનસિંહ રાઠોડ રહે. કોહરા, જી. જેસલમેર, રાજસ્થાન વાળાને પકડી તેમના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.